ગાંધીનગર રેશનલ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૬

રેશનલ સમાજ ગાંધીનગરની આગામી માસિક બેઠક તા. ૮મી ડિસેમ્બર ૨૦૧૨ને શનિવારે સાંજે ૪.૩૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર ૬૧/૧, ઘ ટાઈપ સેકટર-૨૩, ગાંધીનગર ખાતે મળશે.

જેમાં ગુજરાતના જાણીતા રેશનાલીસ્ટ અને ચિંતક ડંકેશભાઈ ઓઝા 'રેશનલ સમાજની વિભાવના' વિષય ઉપર પોતાનું જાહેર વકતવ્ય આપશે. જેમાં સર્વે સભાસદ મિત્રોતેમજ ગાંધીનગરની જાહેર જનતાને ઉપસ્થિત રહેવા રેશનલ સમાજના મંત્રી પંકજ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

દેના બેંકના નિવૃત્ત સભ્યોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૬

દેના બેંકના ગાંધીનગર શહેર અને જિલ્લાના દરેક નિવૃત્ત સભ્યોનું એક સ્નેહમિલન તા. ૮મી ડિસેમ્બર ૨૦૧૨ને શનિવારે બપોરે ૩ વાગ્યે દેના બેંકની રીજીયોનલ ઓફિસે રાખવામાં આવ્યું છે.

આ સ્નેહમિલનમાં દેનાબેંક ગાંધીનગર ક્ષેત્રના રીજીયોનલ મેનેજર શ્રી મહેન્દ્રભાઈ શાહ તેમજ દેના બેંક રીટાયર્ડ એમ્પ્લોઈઝ એસોસિએશન અમદાવાદના આગેવાનો સર્વે શ્રી રસિકભાઈ આચાર્ય, મયુરભાઈ દેરાસરી અને શરદભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહેવાના હોઈ ઉપરોકત સ્નેહમિલનમાં સહુને હાજર રહેવા માટે સંગઠનના સહમંત્રી ભરત કવિએ હાર્દિક અનુરોધ કર્યો છે.

વી કેર ફાઉન્ડેશન દ્વારા ૩૬ દંપત્તિઓએ ભૃણહત્યા ન કરવાના શપથ લીધા

ગાંધીનગર, તા. ૬

મોટા બાવન (૨૨) કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક અને સહાયક મંડળ ઊંઝાનો ૧૭મો સમૂહલગ્ન કરણપુર ગામ પરિવાર તથા સમાજના સહયોગથી કરણપુર ગામે તા. ૨ ૩મી નવેમ્બરે યોજાયેલ હતો. આ પ્રસંગે વી કેર ફાઉન્ડેશનના ચેરમેન શ્રી જે.સી. પટેલ દ્વારા ૩૬ દંપત્તિઓને વ્યસન મુક્તિ તથા ભૃણહત્યા ન કરવાના સોગંધ લેવડાવવામાં આવ્યાં હતા.

જલારામ મંદિરનો ૧૭મો પાટોત્સવ ૧૧મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૬

શ્રી જલારામ સેવા સમાજ તરફથી શ્રી જલારામ મંદિરમાં ૧૭મો પાટોત્સવ તા. ૧૧મી ડિસેમ્બરના રોજ યોજાશે. મૂર્તિપૂજા સવારે નવ વાગે મૂર્તિદાતાઓના વરદ્ હસ્તે થશે.

બપોરે બાર વાગે જલારામબાપા, શ્રી રામદરબાર, શ્રી ગોપાલકૃષ્ણ અને શ્રી શિવમંદિરનો ધ્વજારોહણ થશે. શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખથી અમૃતભાઈ ઠક્કર અને કારોબારીએ જણાવેલ છે.

એમ.બી. પ્રાથમિક શાળાની બાળાઓએ કાલુપુર બેંકની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૮ની કુલ ૩૭૦ વિદ્યાર્થીની બહેનોએ તાજેતરમાં કાલુપુર કો. બેંકની મુલાકાત લઈ તેની કામગીરીની માહિતી મેળવી હતી.

આ મુલાકાત દરમિયાન શાળાની બાળાઓને બેંકના મેનેજર સંતોષભાઈ પટેલે વિદ્યાર્થિની બહેનોને બેંકની તમામ પ્રકારની કામગીરી, બેંકના ખાતાઓના પ્રકાર, ચેકના પ્રકાર, લોકર તથા એ.ટી.એમ. કાર્ડ વિશે વિસ્તૃત માહિતી આપી તથા બાળાઓના મુંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા. અંતે બેંકના સમગ્ર સ્ટાફના સહકાર બદલ શાળા પરિવારે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સે. ૮ ગોકુલ સોસાયટીમાં ડહોળા પાણીની બુમરાણ

દસ દિવસથી આવતુ ડહોળુ પાણી પીવાલાયક નથી : રહીશો

ગાંધીનગર, તા. ૬

શહેરમાં વરસાદી દિવસોથી શરૂ થયેલી ડહોળા પાણીની સમસ્યાનો અંત હજુ આવ્યો નથી. સેકટર-૮ સ્થિત ગોકુલ સોસાયટીમાં છેલ્લા ૧૦ દિવસથી નળમાં ડહોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ આ પાણી પીવાલાયક ન હોવાથી જન આરોગ્ય જોખમાય એવી સ્થિતિ છે.

શહેરના સેકટરોમાં છાશવારે ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદ આમ નાગરીકોમાં કકળાટનું કારણ બની છે. ગત ચોમાસા દરમિયાન પણ નર્મદાની મુખ્ય કેનાલમાં પાણી વધતા શહેરમાં સપ્લાય થતાં પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડારાયો હતો. આ દરમિયાન સેકટરોમાં સતત દોઢ મહિના સુધી ડહોળુ પાણી આવતુ હોવાની બુમરાણ મચી હતી. બીજી તરફ પાણી શુદ્ધિકરણ પ્લાન્ટની યોગ્ય ક્ષમતાના અભાવે ડહોળા પાણીની સમસ્યાને કાબુમાં લેવાનું તંત્ર માટે પણ કપરુ બન્યું હતું. જ્યારે થોડા દિવસો પૂર્વે સેકટર-૨૭માં પણ દૂષિત પાણી વાતુ હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી. શહેરમાં વારંવાર ડહોળા પાણીની સમસ્યા ઉદ્‌ભવતા નગરજનોમાં તંત્ર કક્ષાએથી સપ્લાય થતાં પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે. સેકટર-૮ ગોકુલ સોસાયટીના રહીશોએ જણાવ્યા મુજબ સેકટરમાં પણ સવારે સપ્લાય થતુ પાણી ડહોળુ આવે છે. છેલ્લા દસ દિવસથી આવતુ ડહોળુ પાણી પ્રાથમિક દૃષ્ટિએ પીવાલાયક ન હોવાનું પણ સેકટરવાસીઓ જણાવી રહ્યા છે. તંત્ર કક્ષાએથી ત્વરીત તપાસ હાથ ધરી યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

એસ.જી. હાઈવે પર એક જ રાત્રે નવ ગલ્લા-કેબીનોના તાળા તુટ્યા

ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ : ગલ્લાનું એક વીઝીટીંગ કાર્ડ ખીસ્સામાં રહી જતાં ભાંડો ફૂટ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક આવેલા ખોરજ ગામ તથા આસપાસના વિસ્તારમાં રાત્રી દરમ્યાન તસ્કરોએ તરખાટ મચાવી દીધો હતો. એક-બે નહીં પરંતુ નવ ગલ્લાઓ તથા કેબીનોનાં તાળા તોડીને તેમાંથી રોકડ રકમ તથા અન્ય જે કાંઈ ચિજવસ્તુ હાથમાં આવી તેની ઉઠાંતરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. દરમ્યાન અડાલજ પોલીસની ટીમ વૈષ્ણાદેવી સર્કલ નજીક બસસ્ટેન્ડમાં શંકાસ્પદ હાલતમાં સુતેલા શખ્સની પુછતાછ કરતાં ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો હતો. ગણતરીના કલાકોમાં ૯ ગલ્લાનાં તાળા તોડી ઘરફોડ કરનાર શખ્સની પોલીસે ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

ખોરજ ગામના શોપીંગ સેન્ટરમાં સ્થિત દુકાન નં. ૧૦ લાલશાહ પાન પાર્લરના તાળા તોડીને તસ્કરો રૂ. ૧ હજાર રોકડા ચોરીને ફરાર થઈ ગયો હોવાની ગલ્લા માલીક વિજય ડાહ્યાભાઈ પટેલે અડાલજ પોલીસમથકે ફરીયાદ નોંધાવી હતી. આ જ રાત્રી દરમ્યાન એસ.જી. હાઈવે પરના અન્ય ૮ ગલ્લાઓ તથા કેબીનોના તાળા તુટ્યા હોવાનું પણ પોલીસને ધ્યાને આવ્યું હતું. ઉપરોક્ત તમામ ૯ ગલ્લા-કેબીનોના તાળા તોડીને તસ્કરો પરચુરણ રોકડ રકમ તથા જે હાથમાં લાગી તે તમામ ચિજવસ્તુઓની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. દરમ્યાન સાંજના સુમારે પેટ્રોલીંગમાં નિકળેલા અડાલજ પોલીસમથકના પી.એસ.આઈ. એસ.જે. વાઘેલા તથા તેમની ટીમે વૈષ્ણોદેવી સર્કલ પાસે બસસ્ટેન્ડ પર સુતેલા એક શખ્સ પર શંકા જતાં તેની પુછપરછ શરૂ કરી હતી. દરમ્યાન મુળ રાજસ્થાનનાં અને હાલ મેમનગર વિસ્તારમાં રહેતા પ્રકાશ ગૌતમ પારધી નામના આ શકમંદની અંગ જડતી લેવાતા તેના ખિસ્સામાંથી રોકડ રૂપિયા તથા અતિથિ પાન પાર્લરનું એક વિઝીટીંગ કાર્ડ મળી આવ્યું હતું. જે કાર્ડ ખિસ્સામાંથી મળ્યું તે ગલ્લાના પણ તાળા તુટ્યા હોવાથી કડક પુછપરછ કરાતાં તેણે ઉપરોક્ત તમામ ગલ્લા-કેબીનોના તાળા તેના અન્ય બે સાગરીતો સાથે મળીને તોડ્યા હોવાની કબુલાત કરી લેતા તે શખ્સની અડાલજ પોલીસે ધરપકડ કરી લીધી છે.

'ઘ' માર્ગ પર સેન્ટ્રો કારમાં શોર્ટ સર્કીટના લીધે આગ ભભુકી

સવારે પીક અવર્સ દરમિયાન પેટ્રોલ કારમાં આગ લાગતા ભીડ જામી

ગાંધીનગર, તા.૬

'ઘ' માર્ગ પર આજે કલેકટર ઓફિસ સામે માર્ગ પર જતી કાર અચાનક જ ભડકે બળતા રાહદારીઓ સ્તબ્ધ થઈ ગયા હતા. સવારે ૧૧ વાગે પેટ્રોલ સંચાલિત સેન્ટ્રો કારમાં અચાનક જ શોર્ટ સર્કીટને કારણે આગ ભભૂકી હતી. બનાવ સંદર્ભે ઘટના સ્થળે દોડી આવેલ ફાયર ટીમે આગને સમયસર કાબુમાં લીધી હતી.



(તસવીર : દિપક જાની)

આ બનાવની પ્રાપ્ય વિગત અનુસાર ઘ માર્ગ નજીકમાં આવેલ કલેકટર કચેરી પાસે આજે સવારે ૧૧ કલાકે સેન્ટ્રો કાર નં. જી.જે. ૧૨. કે-૯૮૨૫માં શોર્ટ સર્કીટના કારણે અચાનક આગ લાગવા પામી હતી. પીક અવર્સ દરમિયાન ઘ માર્ગ પર કારની બોનેટમાંથી ધુમાડો નીકળતા રાહદારીઓ સ્તબ્ધ થઈ ગયા હતા. નવાઈની વાત તો એ છે કે કારના બોનેટમાંથી પ્રસરતી આગથી તદન અજાણ કાર ચાલકને રીક્ષાવાળાએ જાણ કરી હતી જેથી સફાળા જાગૃત થયેલા કાર ચાલક સલામત બહાર નીકળી ગયા હતા. બીજી તરફ પળવારમાં જ આગે જોર પકડતા ઘ માર્ગ પર બર્નીંગ કારના દૃશ્યો સર્જાયા હતા. બનાવ સંદર્ભે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર એમ.આર. મોડ સહિત તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ દરમિયાન આગને સમયસર કાબુમાં લઈ લીધી હતી. સેન્ટ્રો કાર સેકટર-૨માં રહેતા મનોરથસિંહ કોહલીની હોવાનું ધ્યાને આવ્યું છે. પેટ્રોલ કારમાં લાગેલી આગના લીધે આગળનો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન અને અભિવાદન કાર્યક્રમ યોજાશે

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન, તેજસ્વી તારલાઓનો અભિવાદન તથા વૃદ્ધવંદના સમારોહ તા. ૯મી ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ઉર્ત્કંઠેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાશે.

મંગળદાસ સોમાભાઈ અને જીવીબેન મંગળદાસ પ્રજાપતિ વિશ્રાંતી ભવન ખાતે યોજાનાર આ સમારોહના અધ્યક્ષસ્થાને હિતેશભાઈ બળદેવભાઈ દલવાડી ઉપસ્થિત રહેશે અને સમાજના તેજસ્વી તારલાઓનું અભિવાદન, વૃદ્ધવંદના તથા ચક્ષુદાતાના વારસદારોનું અભિવાદન તેમજ પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાયની રકમ રોકડમાં ચૂકવવામાં આવશે તો સર્વે જ્ઞાતિબંધુઓને સહપરિવાર આ સમારોહમાં પધારવા પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

છેતરપીંડીના ગુનામાં ૩ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

રૂ. ૨૫ લાખ લઈને એક જ પ્લોટ બબ્બે પાર્ટીને વેચી માર્યા હતાં

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સે-૨૧માં આવેલો પોતાનો પ્લોટ બબ્બે વ્યકિતઓને વેચી દઈને રૂ. ૨૫ લાખની છેતરપીંડી કરનાર પ્લોટ માલિક શખ્સ ત્રણ વર્ષથી ઉપરોકત ગુનામાં નાસતો ફરતો હતો. વર્ષ ૨૦૦૯થી વોન્ટેડ પ્લોટ માલિકને ગત સાંજે સે-૨૧ પોલીસે બાતમીને આધારે વોચ ગોઠવીને ઘ-૫ સર્કલ પાસેથી ઝડપી પાડી તેની ધરપકડ કરી લીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ છેતરપીંડીના ગુનામાં બંને સગા ભાઈઓ વિરૂધ્ધ ગુનો દાખલ થયો હતો તે પૈકી બીજો ભાઈ અગાઉ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૦૯માં સેકટર-૨૧માં સ્થિત પ્લોટ નં. ૫૮૦/૨ પ્લોટ માલિકે બબ્બે વ્યકિતઓ પાસેથી પૈસા લઈને બંને પાર્ટીઓને એક જ પ્લોટ વેચી મારી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ શારદાબેન પ્રજાપતિએ સે-૨૧ પોલીસમથકે નોંધાવી હતી. જેમાં બે ભાઈઓ હસમુખ સોની અને પ્રવિણ જયંતિલાલ સોની વિરૂધ્ધ ૨૫ લાખમાં પ્લોટ વેચીને વિશ્વાસઘાત કરીને છેતરપીંડી આચરી હોવાનો ગુનો દાખલ થયો હતો. જે અંતર્ગત અગાઉ હસમુખ સોનીની ધરપકડ થઈ ગઈ હતી જયારે તેનો ભાઈ પ્રવિણ સોની ત્રણ વર્ષથી નાસતો ફરતો હતો. આ શખ્સ ઘ-૫ પાસેથી પસાર થવાનો હોવાની બાતમી સે-૨૧ સિનિ. પી.આઈ. એસ.ડી. પટેલને મળતાં તેમની ટીમના પી.એસ.આઈ. વાય.જે. રાઠોડ તથા પી.સી. રાજેન્દ્રસિંહ, રાજુભાઈ સહિતના માણસો ઘ-૫ સર્કલ પર ગત સાંજે વોચ પર ગોઠવાઈ ગયા હતા અને વોન્ટેડ આરોપીની ઘ-૫ સર્કલથી ધરપકડ કરી લીધી હતી. સે-૨૧ પોલીસે તેની સઘન પુછપરછ હાથ ધરી છે.

પાલજમાં બોરકુવામાંથી કેબલ વાયર ચોરી કરતાં એક ઝડપાયો

ચોરીની કોશીષનો ગુનો નોંધી પાલજ ગામનાં જ આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા.૬

ગાંધનગર નજીક આવેલા પાલજ ગામની સીમમાં બોરકુવા પરથી કેબલ વાયરો કાપીને ચોરી કરવાનો પ્રયાસ કરી રહેલો યુવાન શખ્સ રંગે હાથ ઝડપાઈ જવા પામ્યો હતો. બોરકુવા માલિકે તે શખ્સને પોલીસને હવાલે કરતાં ચિલોડા પોલીસે કેબલ વાયર ચોરીના પ્રયાસના ગુના હેઠળ પાલજ ગામનાં જ શખ્સની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ પાલજ ગામની સીમમાં સ્થિત દશરથસિંહ લક્ષ્મણસિંહ બિહોલાના બોરકુવા પર કેબલ વાયર કાપીને ચોરી કરી લઈ જવાની કોશિષ કરતાં એક શખ્સ ઝડપાઈ જવા પામ્યો હતો. પાલજ ગામનો જ રહેવાસી શખ્સ જીતેન્દ્રસિંહ જગતસિંહ બિહોલા બપોરે દોઢેક વાગ્યાના અરસામાં બોરકુવા પાસે કેબલ વાયર ચોરી કરવા ગયો હતો તે દરમિયાન ચોરીની કોશીષ કરતાં ઝડપાઈ જતાં બોરકુવાના માલિક દશરથિંહે તેને પોલીસને સોંપ્યો હતો. દશરથસિંહની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે તેના વિરુધ્ધ ગુનો દાખલ કરી એ.એસ.આઈ. હિરાજીએ વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગરની વિદ્યાર્થિની પ્રિતિ જયસ્વાલની કે.બી.સી.માં પસંદગી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના શહેરના સેકટર-૨૩માં આવેલ આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ધોરણ-૧૧ની વિદ્યાર્થીની કુ. પ્રિતિ જયસ્વાલની તાજેતરમાં જ વિશ્વ પ્રસિધ્ધ ટી.વી. શો 'કૌન બનેગા કરોડપતિ'ના અમદાવાદ ખાતે યોજાયેલા પ્રથમ રાઉન્ડમાં પસંદગી થઈ છે.

શાળાની વિદ્યાર્થિની કુ. પ્રિતિએ સૌ પ્રથમ શાળાથી રજીસ્ટ્રેશન કરવાથી શરુ કરીને કે.બી.સી.માં પહોંચવા સુધી ખુબ જ મહેનત કરી છે. સમગ્ર ગુજરાતની ફક્ત આઠ જ શાળાઓની પસંદગી કરાઈ હતી. જેમાં કુ. પ્રિતિએ દસ પ્રશ્નોના ટીવી રાઉન્ડમાં અમિતાભ બચ્ચન દ્વારા લેવાયેલ પર્સનલ ઈન્ટરવ્યુ સુધીની સફર પૂરી કરી હવે મુંબઈ સુધી પહોંચવાની તૈયારી શરુ કરેલ છે. આ વિદ્યાર્થિનીને કે.બી.સી. તરફથી ડાયરી, બેગ તથા પાર્કર પેન પણ શુભેચ્છા પ્રતિક રૂપે એનાયત કરવામાં આવી છે જે શાળા માટે ખૂબ જ ગૌરવની વાત છે. વિદ્યાર્થીનીની આ સિધ્ધી બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

સશસ્ત્ર સેના ઝંડા દિવસે ઉદાર સહયોગ આપવા અપીલ

ગાંધીનગર, તા.૬

ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી, વડાપ્રધાનશ્રી ડૉ. મનમોહનસિંહ, ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજી, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના રક્ષા મંત્રી શ્રી એ.કે. એન્ટનીએ સશસ્ત્ર સેના ઝંડા દિવસે ફંડમાં ઉદાર હાથે સહયોગ આપવા દેશના નાગરિકોને સંદેશા પાઠવ્યા છે.

રાષ્ટ્રની સુરક્ષા માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરનારા આપણા શૂરવીર સૈનિકો, દિવંગત સૈનિકોના પરિવારજનો તથા પૂર્વ સૈનિકો પ્રતિ આદર, સન્માન અને આત્મીયતાને અભિવ્યકત કરવનો દિવસ એટલે પ્રતિ ૭ ડિસેમ્બરના દિને ઉજવાતો સશસ્ત્ર સેના ઝંડા દિવસ. આ દિવસે સૈનિકોના કલ્યાણ અર્થે પ્રત્યેક નાગરિક ઉદાર હાથે સહયોગ આપે તે માટે સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ વિભાગના નાયબ નિયામકશ્રીએ પ્રજાજોગ અપીલ કરી છે. કોઈ પણ વ્યકિત નિયામક, સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ, ગુજરાત રાજય, ગૌરવ સેનાની ભવન, એરપોર્ટ રોડ, શાહીબાગ, અમદાવાદ ખાતે પોતાનું અનુદાન મોકલી શકે છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમના પેન્શનકારોના વારસદારો જોગ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ઉર્જા વિકાસ નિગમના જનસંપર્ક અધિકારી સનતભાઇ દવેએ જણાવેલ છે કે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. અને તેની સંલગ્ન કંપનીના તાબા હેઠળ જે તે કચેરીમાં તત્કાલીન સૌરાષ્ટ્ર સરકારના કર્મચરીઓ જેઓ પાછળથી ગુજરાત વિદ્યુત બોર્ડનો સમાવેશ થયેલ હતો. ત્યારબાદ કંપનીકરણ થયા બાદ જે તે કંપનીમાંથી પેન્શન મેળવતા અથવા વારસદારોને પેન્શન ચુકવણી વખતે હયાતી પ્રમાણપત્ર લેવાની બાબતમાં એકસૂત્રતા જળવાય એ ધોરણ અપનાવવામાં આવ્યું છે.

જે તે ડિવીઝનના કાર્યપાલક ઇજનેરશ્રી, સરકાર દ્વારા અધિકૃત એકમો, મેજિસ્ટ્રેટ, જિલ્લા સિવીલ સર્જન, બેંકમાં ખાતુ હોય તે બ્રાન્ચ મેનેજર હયાતી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે, મુશ્કેલી હોય તો કંપનીના ડી.જી.એમ.નો સંપર્ક કરવા જણાવેલ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૧.૧૫
ખેલાડી ૭૮૬ : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ખેલાડી : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦
તલાશ : ૧૨.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૨.૩૦, ૯.૩૦
તલાશ : ૪.૦૦, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦
જબ તક હૈ જાન : ૬.૧૫
ખેલાડી : ૯.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૯.૦૦, ૧૦.૧૫
તલાશ : ૧૧.૪૫, ૫.૦૦
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫
: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૪૫
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૦, ૩.૨૦, ૬.૦૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૦.૦૦
તલાશ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૨૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
તલાશ : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
તલાશ : ૧૦.૩૦, ૧.૧૫, ૧૦.૧૫
સન ઑફ સરદાર : ૪.૧૫, ૭.૧૫

વિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હૉલ

- કેરકેઓ બ્રાઈન એન્ડ એસોશીએશન પ્રા.લિ. દ્વારા સવારે ૭.૦૦ કલાકે, ક્વીઝ સ્પર્ધા યોજાશે.

શૈક્ષણિક

- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન નવી દિલ્હી, ગુજરાત કાઉન્સીલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજીના ઉપક્રમે તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર, સાયન્સ, આર્ટસ, કૉમર્સ કોલેજ, પિલવાઈ, પ્રમુખ સ્વામી કોલેજ, કડી દ્વારા આયોજિત ગણિત વિજ્ઞાન પર બે દિવસીય અધિવેશનનો પ્રારંભ સવારે ૯.૩૦ કલાકે, યુનિવર્સિટી કેમ્પસ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે.

આપની આજ

મેષ : વ્યાપારિક ભાગીદારીમાં, કૌટુંબિક વિવા વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસનું આયોજન થશે. કલાક્ષેત્રે જોડાયેલાઓ માટે લાભ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : વિરોધીઓ સમજૂતી કરી શકે છે. વેપારમાં, સમાજમાં તમારા બુદ્ધિચાતુર્ય અને દૂરદર્શિતાની પ્રશંસા થઈ શકશે.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

કર્ક : માનસિક શાંતિ જાળવી રાખવી આપના માટે હિતાવહ રહેશે. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર -વ્યવસાય મધ્મય રહેશે.

સિંહ : ગુસ્સા પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્યજીવનમાં સુખની કમી આવી શકે છે.

કન્યા : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેના આયોજન થઈ શકશે.

તુલા : કુટુંબનું વાતાવરણ નિરાશાજક રહેવાથી આપના ઉત્સાહમાં કમી આવી શકે છે. વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : આપને જોમ, જુસ્સો અને સ્ફૂર્તિ જળવાઈ રહેશે. કાર્યમાં પ્રગતિ થઈ શકશે. સ્નેહીજનો સાથે મુલાકાત થશે.

ધન : નવી કાર્ય યોજનાઓનું આયોજન થઈ શકશે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ જળવાઈ રહેશે. માન- સન્માન પ્રાપ્ત થશે.

મકર : આપે પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની આશંકા રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : જમીન, વાહન, મશીનથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક અને રાજકીય કાર્યોથી માન- સન્માન પ્રાપ્ત થઈ શકશે.

મીન : આજે શુભ સમાચાર કે શુભ ફળ પ્રાપ્ત થઈ શકશે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળી શકે.

ચિરવિદાય

- સ્વ. કમલકુમાર નરોત્તમદાસ જાની (ઉ.વ. ૪૫) મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ધૂળીબેન ફકીરજી સોલંકી (ઉ.વ. ૬૨)મુ.પો. ઉટાટીયા(ડભોડા), તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. સદાબા તખુજી વાઘેલા (ઉ.વ.૭૨) મુ.પો. લેકોવાડા તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નર્મદાબેન સોમનાથ ત્રિવેદી (ઉ.વ. ૮૭) પ્લોટ નં. ૫૦૦/૧, સેકટર-૩/સી, ગાંધીનગર.